**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા..૨૯/૯/૨૦૧૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૯૫૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી અને ૧૫ વ્યક્તિઓને ઝડપી ૫૮ લીટર દેશી દારૂ અને ૯૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૯૫૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૧૯૫૨/૧૫**

**ગાયકવાડ હવેલી:** હીનાબહેન રાજેશભાઈ ચાવડા (રહે.રોહીલવાડ પથ્થરવાળી મસ્જીદ પાસે રાયખડ) ને તા.૧૬/૯/૧૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી ઈમરાન ઉર્ફે ઈમુ રહેમાનભાઈ શેખ (રહે.ગુલમહોર સોસાયટી ઓઝાઝપાર્ક દાણીલીમડા) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ હીનાબહેનના પિતા રાજેશભાઈ ચાવડાએ તા.૨૮/૯/૧૫ નારોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી વી બી જાડેજા ચલાવે છે.

**બાપુનગર:** રૂખશારબાનુ યુનુશખાન પઠાણ (ઉ.વ.૧૭) (રહે.અકબરનગરના છાપરાં ગરીબનગર ચાર રસ્તા બાપુનગર) ને તા.૨૫/૯/૧૫ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી રમીજરાજા ઉર્ફે છોટુ ઉસ્માનભાઈ અન્સારી ઘર નજીકથી લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ રૂખશારબાનુ ના માતા સુગરાબીબી પઠાણે તા.૨૮/૯/૧૫ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર કે લાડવા ચલાવે છે.

**સરખેજ:** સાનીયાબહેન નુરહસન શાહ (રહે.પઠાણની ચાલી સરખેજ) ને તા.૨૮/૯/૧૫ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૯/૧૫ નારોજ ઘર નજીકથી પોતાની પુત્રી કોહીનુર (ઉ.વ.૧૭) નુ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી એન સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**દુષ્પ્રેરણની ફરીયાદઃ** **સમાચાર યાદી નં.૧૯૫૩/૧૫**

**બાપુનગર :** મધુદેવબહેન હનુમાનપ્રસાદ પટવા (રહે.ગામઃ ગોરીયા, ભીલમ પોસ્ટ લઘુમા ચાણા, જી.ખીરી ઉત્તરપ્રદેશ) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૫/૧૩ નાં ચારેક માસ બાદથી તા.૨૩/૫/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) મનોજભાઇ રામલખન પટવા (રહે.બાપુનગર) (૨) અનીલ રામલખન પટવા અને (૩) સર્વેશ રામલખન પટવા (બંને રહે.નાનકારી બિલોલી, સીતાપુર, યુ.પી.) એ ભેગામળી મધુબહેનની પુત્રી પ્રીતીબહેનને શારીરીક અને માનશીક ત્રાસ આપતાં પોતાની પુત્રી પ્રીતીબહેને તા.૨૩/૫/૧૫ નારોજ તેની સાસરીમાં ઘરે, ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એમ.ગામીત ચલાવે છે.

**વાડજ :** કનુભાઇ સેંધાભાઇ દરજી (રહે.કલ્યાણેશ્વર મહાદેવની પોળ, પાટણ) એ તા.૨૮/૯/૧૫ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૭/૧૪ થી તા.૨૦/૯/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી પ્રતિક સંજયકુમાર દરજી(પતિ) તથા સાસુ-સસરા અને નણંદ (તમામ રહે.કેદાર એપાર્ટમેન્ટ ગોપી અન્નક્ષેત્ર પાસે, નવા વાડજ) એ ભેગામળી કનુભાઇની પુત્રીને શારીરીક અને માનશીક ત્રાસ આપતાં પોતાની પુત્રીએ તેની સાસરીનાં ઘરે આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.જી.રાઠોડ ચલાવે છે.

**નજર ચુકવી ચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૫૪/૧૫**

**જી.આઇ.ડી.સી.વટવા :** સુમિત્રાબહેન હૃદયરામ વિશ્વકર્મા (ઉ.વ.૪૫)(રહે,અનિકેતનપાર્ક સોસાયટી, પ્રિતમપુરા ગામ) તા.૨૮/૯/૧૫ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે મણીનગર રેલવે ક્રોસીંગથી શટલ ઓટોરીક્ષામાં બેસી ત્રીકમપુરા પાટીયા સુધીની મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષામાં બેસેલ અજાણી સ્ત્રી અને પુરૂષ તથા રીક્ષા ચાલક ભેગામળી સુમિત્રાબહેનની નજર ચુકવી તેમનાં ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ની ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ સુમિત્રાબહેન વિશ્વકર્માએ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**કારંજ :** સુરેશભાઇ ત્રિકમભાઇ પરમાર (રહે,જ્યોતીનગર, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર) તા.૨૮/૯/૧૫ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે રિલીફરોડ નગરશેઠનાં વંડાની ગલીનાં નાકે આવેલ જનરલ સ્ટીલ એજન્સી નજીક પોતાની ઇનોવા ગાડીમાં બેઠા હતા દરમ્યાન એક પુરૂષ (૧૮ થી ૧૯ વર્ષના આશરાનાં) એ "તમારા પૈસા પડી ગયા છે" તેમ કહેતાં, સુરેશભાઇ પૈસા લેવાં ગાડી માંથી ઉતરતાં, સુરેશભાઇની નજર ચુકવી ગાડીમાંથી રોકડ રૂપિયા ૯૦,૦૦૦/- ભરેલ બેગ લઇ પલાયન થઇ ગયો હતો. આ અંગેની ફરીયાદ સુરેશભાઇ પરમારે કારંજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.ડી.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૫૫/૧૫</u>**

**સાબરમતી :** મિનેષભાઇ હસમુખભાઇ શાહ (રહે.નંદિની સોસાયટી, જલતરંગ ફ્લેટની સામે, ડી કેબીન, સાબરમતી) એ તા.૨૮/૯/૧૫ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૯/૧૫ સાંજનાં ૬/૦૦ થી તા.૨૮/૯/૧૫ સવારનાં ૭/૪૫ સુધીનાં સમયગાળા દરમ્યાન ટોલનાકા પાસે આવેલ બેરોનેટ કોમ્પલેક્ષમાં આવેલ પોતાની દુકાન નંબર ૩૪, દુકાન નંબર ૩૨૧ અને ૩૩૮ નાં તાળાં તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી એ.વી.આર. સાથેનાં કોમ્પ્યુટરનાં સેટ કુલ કિંમત રૂપિયા ૫૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.છાશીયા ચલાવે છે.

**<u>નદીમાં ડુબી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૫૬/૧૫</u>**

**રિવરફ્રન્ટ (ઇસ્ટ) :** બળદેવભાઈ ગણપતભાઈ દરજી (ઉ.વ.૨૩)(રહે. સાપીવાડા હાઉસીંગ બોર્ડ, પાણીની ટાંકી સામે, રામજી મંદિરની બાજુમાં, ભાટ ગામ, જી.ગાંધીનગર) તા.૨૮/૯/૧૫ ના કલાક ૭/૫૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે ડફનાળા રીવરફ્રન્ટ ખાતે સાબરમતી નદીમાં ન્હાવા ગયેલ, જેનું પાણીમાં ડુબી જતાં મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઈ અળખાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)